
11-01-2026_02 Jan Fariyad_P-1




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-30 ■ અંક-03 ■ તા. 18-01-2026 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

## દેશની પ્રથમ વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલી ઝંડી






માલદા,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના માલદામાં એક જંગી જનસભાને સંબોધન કર્યું હતું. આ સાથે તેમણે દેશની પહેલી વંદે ભારત સ્લીપર ટ્રેનને લીલીઝંડી આપી હતી. તેમજ પશ્ચિમ બંગાળને હજારો કરોડ રૂપિયાના વિકાસકાર્યોની ભેટ આપતા કહ્યું હતું કે બંગાળમાં પણ અમે સુશાસન લાવીશું.

મહત્ત્વનું છે કે વંદે ભારત સ્લીપરની મહત્તમ સ્પીડ ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાક છે. એ પશ્ચિમ બંગાળના હાવડાથી ગુવાહાટી (કામાખ્યા) વચ્ચેનું ૯૫૮ કિલોમીટરનું અંતર માત્ર ૧૪ કલાકમાં કાપશે. ટ્રેનની કુલ મુસાફર ક્ષમતા ૧૧૨૮ છે. એના ૧૬ કોચમાંથી ૧૧ એસી-૩ ટાયર કોચ, ચાર એસી-૨ ટાયર કોચ અને એક ફર્સ્ટ એસી કોચ છે. સ્લીપર ટ્રેનના થર્ડ એસીનું ભાડું રૂ.૨,૩૦૦ નક્કી કરવામાં આવ્યું છે. સેકન્ડ એસીનું ભાડું રૂ.૩,૦૦૦ હશે. ફર્સ્ટ એસીનું ભાડું અંદાજે રૂ. ૩,૬૦૦ છે. આ ટ્રેન હાવડા-ગુવાહાટી રૂટ પર મુસાફરીનો સમય લગભગ ૨.૫ કલાક જેટલો ઘટાડશે. હાલમાં, હાવડાથી ગુવાહાટી સુધીની ટ્રેનની મુસાફરીમાં લગભગ ૧૮ કલાકનો સમય લાગે છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળની મમતા સરકાર પર નિશાન સાધતાં કહ્યું કે, ઘૂસણખોરોને કારણે આજે બંગાળમાં ઘણી જગ્યાએ જન સંતુલન ખોરવાઈ ગયું છે, ભાજપ સરકાર બનશે ત્યારે એક એક ઘૂસણખોરોને હાંકી કાઢવામાં આવશે. બંગાળના લોકોનું ત્યારે જ ભલું થશે જ્યારે અહીં દરેક કામમાં અડચણ પેદા કરનારી સરકાર ્સ્ઝ નહીં રહે, વિકાસવાળી ભાજપ સરકાર હશે. માલદા તે જગ્યા છે જ્યાં પ્રાચીન સભ્યતાની ગૂંજ છે, રાજનીતિ છે, સંસ્કૃતિ છે

વંદે ભારત સ્લીપર ટ્રેનની ખાસિયતો

● મુસાફરીનો સમયઃ હાવડા અને ગુવાહાટી વચ્ચે મુસાફરીમાં અત્યારે લગભગ ૧૭ કલાક લાગે છે, જે આ ટ્રેન શરૂ થવાથી ઘટીને ૧૪ કલાક થઈ જશે.

● ઝડપઃ આ ટ્રેન ૧૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડવાની ક્ષમતા ધરાવે છે.

● કોચની સુવિધાઃ ટ્રેનમાં કુલ ૧૬ આધુનિક કોચ છે, જેમાં કુલ ૧૧૨૮ મુસાફરો મુસાફરી કરી શકશે.

● આરામદાયક મુસાફરીઃ અત્યાર સુધીની વંદે ભારત ટ્રેનો માત્ર બેસવાની સુવિધા (ચેર કાર) આપતી હતી, પરંતુ આ સ્લીપર ટ્રેનમાં મુસાફરો રાત્રે આરામથી સૂઈને લાંબા અંતરની મુસાફરી કરી શકશે.

● ટેકનોલોજીઃ ટ્રેનમાં એરોડાયનેમિક ડિઝાઈન અને આધુનિક સસ્પેન્શન સિસ્ટમ છે, જેના કારણે ટ્રેનમાં ઝટકા અને અવાજ ઓછા અનુભવાશે.

ટિકિટનો અંદાજિત દર (ભાડું)

ટ્રેનમાં ૧૧ એસી-૩ ટિયર, ૪ એસી-૨ ટિયર અને ૧ ફર્સ્ટ એસી કોચ છે. ભાડાની વિગત નીચે મુજબ છેઃ

● થર્ડ એસી (૩છઝ): અંદાજે રૂ.૨૩૦૦

● સેકન્ડ એસી (૨છઝ): અંદાજે રૂ.૩૦૦૦

● ફર્સ્ટ એસી (૧છઝ): અંદાજે રૂ.૩૬૦૦

## ગ્રીનલેન્ડ મુદ્દે સાથ આપો નહીંતર ટેરિફ ઝીંકીશું : ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન,

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાની તેમની મહત્વાકાંક્ષાનો વિરોધ કરનારા દેશોને આર્થિક પરિણામો ભોગવવાની ખુલ્લી ચેતવણી આપી છે. ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે જે દેશો આ યોજનામાં અમેરિકાનો સાથ નહીં આપે, તેમના પર ભારે ટેરિફ (આયાત શુલ્ક) લગાવવામાં આવી શકે છે. આ આક્રમક વલણને કારણે અમેરિકા અને તેના યુરોપિયન સહયોગીઓ, ખાસ કરીને ડેનમાર્ક વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે.વ્હાઈટ હાઉસમાં એક કાર્યક્રમ દરમિયાન, ટ્રમ્પે કહ્યું, ''રાષ્ટ્રીય સુરક્ષા માટે અમને ગ્રીનલેન્ડની જરૂર છે,'' અને જો કેટલાક દેશો આ મુદ્દે સહકાર નહીં આપે તો તેમના પર ટેરિફ લાદવાની ધમકી આપી. આ પ્રથમ વખત નથી કે જ્યારે ટ્રમ્પે આર્થિક દબાણનો કૂટનીતિક હથિયાર તરીકે ઉપયોગ કરવાની વાત કરી હોય. આ પહેલા પણ તેમના પ્રશાસને રશિયન તેલ ખરીદનારા અને ઈરાન સાથે વેપાર કરનારા દેશો પર કડક પ્રતિબંધો લાદ્યા છે.આ મુદ્દે અમેરિકા, ડેનમાર્ક અને ગ્રીનલેન્ડના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે વોશિંગ્ટનમાં ઉચ્ચ સ્તરીય બેઠક યોજાઈ હતી,

જેમાં અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ અને વિદેશ મંત્રી માર્કો રુબિયો પણ સામેલ હતા. બેઠક બાદ ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોકે રાસમુસેને જણાવ્યું કે બંને પક્ષો વચ્ચે ''મૂળભૂત અસહમતિ'' યથાવત છે. જોકે, મતભેદો છતાં, સંભવિત ઉકેલ શોધવા માટે એક ઉચ્ચ-સ્તરીય કાર્યકારી જૂથની રચના કરવા પર સહમતિ સધાઈ છે. રાસમુસેને સ્પષ્ટ કર્યું કે આ જૂથ અમેરિકાની સુરક્ષા ચિંતાઓને ધ્યાનમાં લેશે, પરંતુ ડેનમાર્કની ''રેડ લાઈન્સ'' (લક્ષ્મણ રેખા)નું સન્માન કરવું પડશે.અમેરિકાના દબાણ સામે ડેનમાર્ક એકલું નથી. ડેનમાર્કે ગ્રીનલેન્ડમાં પોતાની સૈન્ય હાજરી વધારવાની જાહેરાત કરી છે, અને તેના સમર્થનમાં ફ્રાન્સ, જર્મની, નોર્વે અને સ્વીડન જેવા દેશોએ પણ મર્યાદિત સંખ્યામાં સૈનિકો મોકલવાની જાહેરાત કરી છે.

યુનાઈટેડ કિંગડમ અને જર્મનીએ પણ આર્કટિક સુરક્ષા અભ્યાસના ભાગરૂપે સૈનિકોની તૈનાતીની પુષ્ટિ કરી છે. આ પગલાંને ટ્રમ્પની યોજના સામે યુરોપની એકતાના સ્પષ્ટ સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે.આ સમગ્ર ઘટનાક્રમ આર્કટિક ક્ષેત્રમાં વધતી જતી વ્યૂહાત્મક સ્પર્ધાને ઉજાગર કરે છે.

ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ નાટોને આ ક્ષેત્રમાં તણાવ રોકવા અને બાહ્ય હસ્તક્ષેપનો સામનો કરવા માટે ''સંકલિત હાજરી'' વિકસાવવા અપીલ કરી છે. સ્પષ્ટ છે કે ગ્રીનલેન્ડનો મુદ્દો હવે માત્ર અમેરિકા-ડેનમાર્કનો દ્વિપક્ષીય મુદ્દો નથી રહ્યો, પરંતુ તે વૈશ્વિક શક્તિ સંતુલનનો એક મહત્વપૂર્ણ હિસ્સો બની ગયો છે.

### ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું મહત્ત્વનું નિવેદન

## મણિકર્ણિકા ઘાટ વિવાદ : કાશીને બદનામ કરવા તૂટેલી મૂર્તિઓ લાવીને ભ્રમ ફેલાવાયો

લખનૌ,

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મણિકર્ણિકા ઘાટ વિવાદ મુદ્દે મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, કાશીને બદનામ કરવા માટે તૂટેલી મૂર્તિઓ લાવીને ભ્રમ ફેલાવાયો છે. આ પહેલા વારાણસીના મુલાકાતે પહોંચેલા યોગીએ વિશ્વ પ્રસિદ્ધ કાશી વિશ્વનાથ ધામ પહોંચીને ભગવાન કાશી વિશ્વનાથની પૂજા-અર્ચના કરી હતી. ત્યારબાદ તેઓ કાળ ભૈરવ મંદિર પહોંચીને આરાધના કરી હતી. કાશી વિશ્વનાથ ધામ અને મણિકર્ણિકા ઘાટ વિવાદ પર પ્રતિક્રિયા આપતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વિપક્ષ અને વિરોધીઓ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, 'કેટલાક તત્વો કાશીના ભવ્ય વારસાને બદનામ કરવા અને તેનું અપમાન કરવા માટે સતત નકારાત્મકતા ફેલાવી રહ્યા છે. જ્યારે કાશી વિશ્વનાથ ધામનું નિર્માણ થઈ રહ્યું હતું, ત્યારે પણ તૂટેલી મૂર્તિઓના આધારે ભ્રમ પેદા કરવાનું ષડયંત્ર રચાયું હતું. ધામના નિર્માણ માટે કોઈ મંદિર તોડવામાં આવ્યું નથી, પરંતુ જર્જરિત મંદિરોને નવજીવન આપીને તેનું મૂળ સ્વરૂપ જાળવી રાખવામાં આવ્યું છે. આજે આ શિવ મંદિરો કાશીની શાન વધારી રહ્યા છે અને બદનામ કરનારાઓના તમામ દાવાઓ પાયાવિહોણા સાબિત થયા છે.'

યોગી આદિત્યનાથે કહ્યું કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાશીનું પ્રતિનિધિત્વ કરે છે, જેના કારણે છેલ્લા ૧૧ વર્ષમાં કાશીનો વિકાસ થયો છે. કાશીના વિકાસ માટે અનેક પ્રોજેક્ટો ચાલી રહ્યા છે. કાશીમાં નવી નવી સંસ્થાઓ ખુલી રહી છે. કેટલાક લોકો કાશીના વારસાને બદનામ કરવા માટે સતત ષડયંત્ર રચે છે. વર્તમાન સમયમાં કાશી આવનારાઓમાં કોઈપણ પ્રકારનો ડર નથી. આજે કાશીમાં કોઈની પણ સાથે ભેદભાવ થતો નથી.' વારાણસી સ્થિત મણિકર્ણિકા ઘાટમાં ચાલી રહેલા પ્રોજેક્ટ વચ્ચે યોગી આદિત્યનાથની આ મુલાકાત ખુબ જ મહત્ત્વની મનાય છે. તેમણે કહ્યું કે, '૨૦૧૪ પહેલા કાશી ઘાટની સ્થિતિ ખરાબ હતી. આજે દેશનું સૌથી મોટું નમો ઘાટ કાશીમાં આવેલું છે. કાશીમાં કાશી વિશ્વનાથ ધામમાં ગંગાજળનું પાણી સ્નાન કરવા લાયક ન હતું, આજે તમે કાશીમાં સ્નાન કરી શકો છો. આજે કાશીના તમામ રસ્તાઓ ફોરલેન સાથે જોડાયેલા છે, ટ્રાફિક પણ થતો નથી. એટલું જ નહીં દેશના વિવિધ રાજ્યોમાંથી કાશી સુધી ટ્રેન સેવા પણ ઉપલબ્ધ છે.' તેમણે એવું પણ કહ્યું કે, 'દેશના જીડીપીમાં કાશીનું યોગદાન છે. કાશીમાં રોજગારીની નવી નવી તકો ઉભી થઈ છે. ગયા વર્ષે ૧૧ કરોડ લોકોએ કાશીનો વિકાસ નિહાળ્યો હતો. ૨૦૧૪ પહેલા કાશીની સ્થિતિ શું હતું? તે કોઈનાથી છુપાયેલી વાત નથી.' તેમણે વધુમાં કહ્યું કે, 'મણિકર્ણિકા ઘાટના એક કાર્યક્રમનું કામ સીએસઆરના નાણાંથી થઈ રહ્યું છે, સરકારના નાણાંથી નહીં. જોકે કેટલાક લોકો મણિકર્ણિકા ઘાટને બદનામ કરી રહ્યા છે, ષડયંત્ર રચી રહ્યા છે. અહીં સનાતન ધર્મમાં અંતિમ સંસ્કાર થાય છે. લોકો મણિકર્ણિકા ઘાટ પર અંતિમ સંસ્કાર કરવા માટે આવે છે. કોંગ્રેસે અહિલ્યાબાઈ હોલ્કરને ક્યારે સન્માન આપ્યું નથી. કેટલાક લોકો કાશીના વિકાશમાં અચડચણો ઉભી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કાશીને લઈને નિવેદનબાજી કરી રહ્યા છે.' ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર વારાણસીના પ્રસિદ્ધ મણિકર્ણિકા ઘાટના પુનઃવિકાસને લઈને ગંભીર આરોપ લગાવ્યા હતો.

## વાહન ચાલકોએ FASTag અને UPI થી જ ભરવો પડશે ટેક્સ

નવી દિલ્હી,

દેશના હાઈવે પર મુસાફરીની રીત બદલાઈ રહી છે. હાઈવે પર મુસાફરીને સંપૂર્ણપણે ડિજિટલ બનાવવાની દિશામાં સરકારે એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. ૧ એપ્રિલથી દેશના તમામ રાષ્ટ્રીય ધોરી માર્ગો પર ટોલ પ્લાઝા પર રોકડા રૂપિયા સ્વીકારવામાં આવશે નહીં. હવે ટોલ ટેક્સ માત્ર **FASTag** અથવા **UPI** દ્વારા જ ચૂકવી શકાશે. સરકારનું માનવું છે કે આ નિર્ણયથી મુસાફરી સરળ બનશે, સાથે જ સમય, ઈંધણ અને પૈસાની પણ બચત થશે.

કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયના સચિવ વી. ઉમાશંકરે કહ્યું કે, ભારત ઝડપથી ડિજિટલ અર્થતંત્ર (ડિજિટલ ઈકોનોમી) તરફ આગળ વધી રહ્યું છે. પહેલાં **UPI** દ્વારા ટોલ ટેક્સ ભરવાની સુવિધા શરૂ કરવામાં આવી હતી, જેને લોકોએ ખૂબ પસંદ કરી. હવે સરકારે ટોલ પ્લાઝા પર રોકડ ચૂકવણી પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો છે. ૧ એપ્રિલ પછી ટોલ પ્લાઝા પર માત્ર **FASTag** અથવા **UPI** જ માન્ય રહેશે.

હવે નહીં થાય રોકડમાં લેવડ-દેવડ - આ નિર્ણય પછી દેશભરના ટોલ પ્લાઝા પર રોકડમાં લેવડ-દેવડ સંપૂર્ણપણે બંધ થઈ જશે. આનાથી મેન્યુઅલ વસૂલીને કારણે લાગતી લાંબી લાઈનોથી રાહત મળશે. સરકારનું કહેવું છે કે, કેશલેસ ટોલિંગથી સિસ્ટમ વધુ ઝડપી, પારદર્શક અને વિશ્વસનીય બનશે. હજુ પણ ઘણા લોકો **FASTag** હોવા છતાં રોકડનો ઉપયોગ કરતા હતા, જેનાથી ખાસ કરીને તહેવારો અને પીક અવર્સમાં જામની સ્થિતિ ઊભી થતી હતી.ફ્યૂલ અને ટાઈમ બચશે - ટોલ પ્લાઝા પર વારંવાર ઉભા રહેવાથી વાહનોનું ઈંધણ વધુ ખર્ચાય છે અને ડ્રાઈવરોને પણ થાક લાગે છે. વી. ઉમાશંકરના જણાવ્યા અનુસાર, દર વખતે રોકાઈને પછી ગાડી ચલાવવામાં સમય અને ડીઝલ બંનેનો વ્યય થાય છે. લાંબા અંતરની મુસાફરીમાં આ નુકસાન વધુ વધે છે. કેશલેસ સિસ્ટમથી આ સમસ્યા ઘણી હદ સુધી દૂર થઈ જશે.




સામાન્યપણે આપણે એવું માનીએ છીએ કે સારું ખાવું, પીવું, હરવું, ફરવું, સારાં વસ્ત્રો ધારણ કરવાં, વૈભવી જીવનશૈલીથી રહેવું એટલે મોજ. મોજ એટલે કે જ્યાં મન આનંદમાં રહે, મજા આવે એ મોજ.

મોટાભાગના લોકો માને છે કે ભૌતિક સુખ-સગવડ એટલે મોજ. સામાન્ય રીતે મોટાભાગના લોકો માને છે કે એશોઆરામની વૈભવી જિંદગી એટલે મોજ, પરંતુ મોજની વ્યાખ્યા સામાન્ય માન્યતાથી પર જઈએ તો વ્યક્તિએ વ્યક્તિએ અલગ પડે છે.

ખરેખર ભૌતિક સગવડથી જ મોજ મળે છે એ સાચું? હા, સાચું પરંતુ દરેક વખતે એમ નથી હોતું નહીં તો જેની પાસે સુખ સગવડના તમામ સાધનો છે છતાં પણ ઘણા લોકો આપઘાત કરે છે, ડિપ્રેશનમાં જતા રહે છે.

ખરી મોજ જે આંતરિક છે એ છે. આવા લોકો જીવનની વિપરીત પરિસ્થિતિમાંથી પણ આનંદ મેળવી લે એ છે સાચી મોજ અને આ માટે તેવા લોકો ફક્ત બાહ્ય મોજના જ મોહતાજ નથી હોતા તેમની પોતાની આંતરિક મોજ હોય છે. આપણે બધાએ બાળપણમાં ×આનંદી કાગડા×ની વાર્તા સાંભળી જ છે.

આમ જે લોકો મોજમાં રહે છે તે લોકો ગમે તેવી કઠિન કે વિપરીત પરિસ્થિતિમાં પણ મોજમાં જ રહે છે.

એક વખત એક ભાઈના ઘરમાં હંમેશા હાસ્યના જ અવાજ આવતા. જયારે તેને પૂછવામાં આવ્યું, તમારે ક્યારેય ઝગડો જ નથી થતો ? ત્યારે તે ભાઈ કહે મારી પત્ની મારા ઉપર છૂટું વાસણ ફેંકે અને હું એનો ઘા ચુકાવી દઉં ત્યારે હું ખડખડાટ હસું અને જયારે તેનો ઘા નિશાન પર પહોંચે ત્યારે તે ખડખડાટ હસે.

સોક્રેટિસની પત્નીએ તેની સાથે ઝગડો કરીને તેના ઉપર એંઠવાડ ફેંક્યો ત્યારે સોક્રેટિસે હસતાં હસતાં કહ્યું, 'મને હતું જ કે ગાજવીજ પછી વરસાદ પડશે જ.

તુકારામ શેરડીનો સાંઠો ઘરે લઈને આવ્યા અને તેમની પત્નીએ ગુસ્સામાં તેનો ઘા કર્યો અને શેરડીના બે કટકા થઈ ગયા ત્યારે તુકારામે હસતાં હસતાં કહ્યું, 'તું કેટલી સારી છો, તેં મારો પણ ભાગ કર્યો'. એનું નામ સાચી મોજ.

આ આંતરિક મોજ જયારે માણસની અંદર વિકસેલી હોય છે ત્યારે તે ગમે તેટલી વિપરીત પરિસ્થિતિમાં પણ મોજ શોધી કાઢે છે અને આવા લોકોને મોજ શોધવા ક્યાંય બહાર નથી જવું પડતું. બોજ વગરનું જીવન એટલે મોજ.

મારું કાવ્ય મોજ માંથી એક પંક્તિ મૂકું છું.

મારાં મનની ફોજ
લાવે આનંદની મોજ

૨૨ સુધા નરેશ દવે ( શબ્દ સુધા ) મુંબઈ

# શહેરીજનોને રોગચાળાથી બચાવવા પાણીપૂરીના ફેરિયા સામે ઝુંબેશ જારી

અમદાવાદ, શહેરીજનોને ખાણીપીણીજન્ય રોગચાળાથી બચાવવા માટે મ્યુનિ.એ પાણીપૂરીની લારીઓ સામે વ્યાપક ઝુંબેશ જારી રાખતાં જુદા જુદા વિસ્તારોમાંથી ૭૦થી વધુ લારી જપ્ત કરવાની સાથે વાસી અને બિનઆરોગ્યપ્રદ બટાકા-ચણા વગેરેનો નાશ કરાવ્યો હતો.મ્યુનિ. હેલ્થ ઓફિસરે જણાવ્યું હતું કે, અત્યંત ખરાબ વાતાવરણમાં અને બિનઆરોગ્યપ્રદ ચીજવસ્તુ વાપરી બનાવાતી પાણીપૂરી શહેરીજનોને કમળો, ટાઈફોઈડ સહિતનાં રોગચાળાનો ભોગ બનાવી શકે છે. તેથી મ્યુનિ.કમિશનરની સૂચના મુજબ, તમામ ઝોનમાં જાહેર માર્ગો ઉપર ઉભી રહેતી પાણીપૂરીની લારીઓમાં ચેકિંગ કરી હાઈજેનિક કન્ડિશન, પાણીપૂરીનાં પાણી, બટાકા-ચણા, તીખી-ગળી ચટણી વગેરેનુ ચેકિંગ કરવાની કાર્યવાહી કરવાની સાથે સાથે એસ્ટેટ ખાતાએ રોડ ઉપર દબાણ કરતી લારીઓ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

તેમણે કહ્યું કે, મ્યુનિ. ફૂડ વિભાગની ટીમો પાણીપૂરીની લારીઓમાંથી જરૂરી સેમ્પલ લેવાની સાથે વાસી અનરોડ ઉપર દબાણ કરતી લારીઓ જપ્ત કરવાની કાર્યવાહી હાથ ધરી છે.તેમણે કહ્યું કે, મ્યુનિ. ફૂડ વિભાગની ટીમો પાણીપૂરીની લારીઓમાંથી જરૂરી સેમ્પલ લેવાની સાથે વાસી અને બિનઆરોગ્યપ્રદ મસાલા વગેરેનો નાશ કરાવે છે, તો એસ્ટેટ ખાતાની ટીમો ટ્રાફિકને અડચણ કરતી લારીઓ ઉપાડી રહી છે.

ઉત્તર પશ્ચિમ ઝોનમાં સાયન્સ સિટી રોડ, સોલા ગામ, કારગીલથી ડમરૂ સર્કલ, વંદેમાતરમ રોડ, ચાંદલોડિયા બ્રિજ પાસે, જજીસ બંગલો રોડ અને એનએફડી સર્કલ રોડ વગેરે જગ્યાએ એસ્ટેટ તથા હેલ્થ ખાતાએ સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી. તેમજ તમામ જગ્યાએ પાણીપૂરીની લારીઓ ચલાવનારાઓને સ્વચ્છતા જાળવવા તેમજ જાહેર આરોગ્યને હાનિ થાય તેવી ચીજવસ્તુઓનો ઉપયોગ નહિતેમજ જાહેર આરોગ્યને હાનિ થાય તેવી ચીજવસ્તુઓનો ઉપયોગ નહિ કરવાની તાકીદ કરી યોગ્ય જગ્યાએ ઉભા રહી વ્યવસાય કરવાની સૂચના આપવામાં આવી છે.મળતી માહિતી મુજબ, એસ્ટેટ અને હેલ્થ ખાતાની સંયુક્ત કાર્યવાહી દરમિયાન ઉત્તર પશ્ચિમ ઝોનમાંથી ૧૬, મધ્ય ઝોનમાંથી ૧૬, દક્ષિણ ઝોનમાંથી ૧૩, ઉત્તર ઝોનમાંથી ૧૪ અને પૂર્વ ઝોનમાંથી આઠ લારીઓ જપ્ત કરવામાં આવી હતી.

## સૂર્ય મંગળનાઅંગારક યોગથી વિશ્વમાં યુદ્ધનું માહોલ

**Yoggi Astrology**ના અંક ૧૬૯માં આપ સૌનું સ્વાગત છે. મારા જૂના અંક ૨૦૨૩થી અમેરિકા ઉપર લખતો આવ્યો છું તેમાં પણ લખ્યું હતું કે અમેરિકા માટે સારો સમય નથી. તે સમય લોકોને આશ્ચર્ય લાગતું હતું જે આજે સત્ય થઇ રહી છે. મારા લેખ પ્રમાણે ગૃહયુદ્ધ જોવા મળશે. આજે ઈરાન, બાંગ્લાદેશ, અમેરિકા દરેક જગ્યા ઉપર ગૃહયુદ્ધ થઈ રહ્યું છે. ભારતમાં પણ દિલ્હી, બંગાળમાંતનાવ પૂર્ણવાતવરણ જે પણ મુસ્લિમ ધર્મના ઉપર, હજુ સમય ગયો નથી. બંગાળ માટે ઘણો કપરો સમય રહેશે. આર્જેટીનામાં ભયંકર જંગલમાં આગ, ભારે સ્નોની ઘટના, યુરોપમાં ભારે સ્નોની ઘટના, અમેરિકાનો રશિયાના ઓઈલટેક્ર ઉપર કબજો.

હાલ, સૂર્ય, બુધ, મંગળ ઉપર દશમી દૃષ્ટિ શનિની પડે છે. મંગળની ત્રીજી દૃષ્ટિ રાહુ ઉપર પડે છે. ૧૫જાન્યુઆરીએ સૂર્ય, મંગળ, શુક્ર મકર રાશીમાં જે શનિ રાશીમાં આવશે. આ સમય દરમિયાન અમેરિકાની રાહુની દશા ચાલે છે. ટ્રંપનીકુંડલીમાં સૂર્ય - રાહુ દશમે બેઠો છે. જે ચોથા સ્થાન એટલે જનતાને જોઈ રહ્યો છે. મારા લેખ મુજબ અમેરિકા દિવસે દિવસે ડોલરનું દેવું વધતું જશે. આ મંદીને કારણે અમેરિકામાં ઘણાં પ્રોબ્લેમ વધશે. જેમાં આર્થિક પરેશાની, ટ્રંપ ઘણાં ખોટા નિર્ણય લેશે. આથી ૨૦૨૬ટ્રંપ માટે સારું વર્ષ નથી. જેમાં તેમની વિરુદ્ધ પુરી સિસ્ટમ થશે, જેમાં ડેમેક્રેટ્સ, જ્યુજિશિઅરી, ઈન્ડસ્ટ્રી, મીડિયા, સેનેટ, પ્રજા વિરોધ જેવી ઘટના હવે શરૂ થતી જોવા મળશે. આ રીતે ભારતમાં પણ ઘણાં નાના-મોટા પ્રોબ્લેમ જોવા મળશે. ૨૦૨૬માં પડોશી દેશ સાથે યુદ્ધની ૧૦૦% સંભાવના બને છે, બીજી બાજુ ચીને જાપાન, તાઈવાન, અમેરિકા સાથે કંઈ કંઈ કરતું રહેશે.

અમેરિકા તથા ભારત વચ્ચે સંબંધ ખરાબ થશે. ટ્રંપ ભારતની કંપની ઉપર પ્રતિબંદ્ધલગાવશે. આથી વિપક્ષ માદી ઉપર હાવી થતાં જોવા મળશે. ટ્રંપ ભારત સાથે નવા-નવા ખેલ ખેલશે, ભારતની અંદર તથા બહારથી પ્રોબ્લેમ ઊભા કરતા જોવા મળશે. પરંતુ માદી શાંતિથી કરતા જોવા મળશે. ૧૭ફેબ્રુઆરીએ સૂર્ય ગ્રહણ, ૩માર્ચે ચંદ્ર ગ્રહણ તથા સૂર્ય-મંગળ યુતિથી વિશ્વમાં યુદ્ધના નવા મોરચા જોવા મળશે. અમેરિકા પણ યુદ્ધથી ઘેરાઈ જશે.

મકર રાશિમાં શુક્ર, સૂર્ય, મંગળ, બુધ, પ્લુટો આમ પાંચ ગ્રહો૧૭જાન્યુઆરીએ જોવા મળશે. મકરનો પ્લુટો એ વિશ્વમાં ઘણા પરિવર્તન લાવશે. ઘણીવાર આ પરિવર્તન ગંભીર પણ હોય છે. જ્યારે આ રાશિમાં ભેગા થાય છે ત્યારે ભારતીય ઉપમહાદ્વીપમાં અફઘાનિસ્તાન, પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ, નેપાળ, તિબેટ વગેરે જગ્યા પર કોઈ મોટી કુદરતી આપત્તિ અથવા યુદ્ધનો માહોલ બનતો જોવા મળશે. સૂર્ય-મંગળ શનિના ઘરમાં હોવાથી વિસ્ફોટક ઘટના થતી જોવા મળશે. આર્મી ઉપર હુમલો થતો જોવા મળશે. ૧૭ જાન્યુઆરી થી ૧૭ માર્ચ દરમિયાન કોઈ બે-ત્રણ મોટા નેતાના મૃત્યું સમાચાર પણ મળશે. મકર રાશિમાં બધા ગ્રહોની દૃષ્ટિ ગુરુ ઉપર આઠમી પડશે. રાહુથી આ બધા ગ્રહોબારમે છે. ૧૭જાન્યુઆરીએ ચંદ્ર પણ મકરનો થાય છેય૧૮જાન્યુઆરીએઅમાસ છે. આથી ૧૪ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી વચ્ચેના સમય દરમિયાન વિશ્વમાં કુદરતી ઘટના થતી જોવા મળશે. હાલ, હવાઈમાં લાવા ફરીથી એક્ટિવ થયો, તેના ફુવારા ૨૦ ફીટ ઊંચાઈ સુધી જોવા મળ્યા હતા. આ સમય દરમિયાન ધરતીમાં કંપન થતું જોવા મળશે. મકર રાશી પૃથ્વી તત્ત્વ રાશી તેમાં મંગળ હોવાથી મોટા ધરતીકંપની સંભાવના બતાવેછે. મંગળ શનિના ઘર ઉચ્ચ બને છે. હવે તેમાં ગુરુની દૃષ્ટિ ન હોવાથી વિશ્વમાં પરિસ્થિતિ દિવસે દિવસે ખરાબ થતી જોવા મળશે. બધાને એક જ ભય રહેશે કે ક્યારે કયો દેશ યુદ્ધ કરી દેશે.

૧૫ફેબ્રુઆરીથી સૂર્ય કુંભ રાશિમાં રાહુ સાથે ત્યાં મંગળ હોવાથી ત્યારબાદ તરત જ બે દિવસમાં સૂર્ય ગ્રહણ હોવાથી ઈરાન, અમેરિકા, ઈઝરાયલ, રશિયા, ચીન જેવા દેશોમાં યુદ્ધ થાય તેમાં નવાઈ નથી. મકર અને કુંભમાં સૂર્ય-મંગળ એટલે આગજની ઘટના જોવા મળશે. પરંતુ જ્યારે સૂર્ય-મંગળ કુંભ રાશિમાં રાહુ સાથે આવશે ત્યારે અમેરિકાનેધોળા દિવસે તારા દેખાશે. પોતાની ચાલ પોતાને ભારી પડશે. પોતાના ઘરમાં વિદ્રોહ, આર્મી સરકાર વિરુદ્ધ, ટ્રંપ માટે સમય સારો નથી. કુંભ-સૂર્ય-રાહુ અને ટ્રંપની કુંડળી સૂર્ય-રાહુ હોવાથી કોઈ માટી મુસીબત ટ્રંપ માટે આવનાર છે. વિશ્વમાં સાઉથમાં અગ્નિનો પ્રકોપ જોવા મળશે.

૧૫ જાન્યુઆરી થી ૧૪ એપ્રિલ આવનાર ૯૦ દિવસ વિશ્વમાં ઘણા ગંભીર બની રહેશે. સૂર્ય-મંગળ પછી સૂર્ય-મંગળ-રાહુ, ત્યારબાદ સૂર્ય-મંગળ-શનિની યુતિ, આ ત્રણ મહિનામાં યુદ્ધ, કુદરતી આપત્તિ, ધરતીકંપ, લાવા, સુનામી, જંગલમાં આગ, પ્લેન ક્રેશ, આર્મી ઉપર હુમલો, આતંકવાદી ઘટના. આ બધી વસ્તુ જોતા સમય પ્રમાણે તમારે ટ્રાવેલિંગ કરવું નહીં. તેમાં ખાસ ભીડભાડવાળી જગ્યા ઉપર ધ્યાન રાખવું.

૧૭જાન્યુઆરીએ બુધ અને મંગળ એક જ ડિગ્રીના જોવા મળશે. ૧૭-૧૮જાન્યુઆરીના દિવસે અમેરિકાનુંસ્ટોકમાર્કેટ તૂટશે. બુધ હોવાથી બ્રેકિંગન્યુઝ જોવા મળશે અથવા મિડીયામાં કોઈ પ્રોબ્લેમ આવે. આ દિવસે ઈન્ટરનેટ સેવા બંધ થતી જોવા મળશે અથવા સેટેલાઈટમાં કોઈ પ્રોબ્લેમ થતો જોવા મળશે. આથી બેંક સેવા તથા હવાઈ સેવા ઉપર અસર જોવા મળશે.

આ ચાર ગ્રહો સાથે પ્લુટો રહેશે. પ્લુટોનું કામ ક્રાંતિ લાવવાનું છે. પ્લુટો આ ચાર ગ્રહો સાથે હોવાથી લાહીની નદી થતી જોવા મળશે. આનો અર્થ કોઈ મોટી દુર્ઘટના અથવા કોઈ વોરથી ઘણા લોકોનું મૃત્યું થાય. અથવા કોઈ દેશમાં લોકો રોડ પર આવતા પોલિસ સાથે ઝડપમાં લોહી વહે. ૨૬જાન્યુઆરીના દિવસે પ્લુટો તથા મંગળની ડિગ્રી સરખી રહેશે. પ્લુટો એટલે ક્રાંતિ અને મંગળ એટલે ઉગ્ર, આથી આ દિવસે વિશેષ ધ્યાન આપવું પડશે. આ દિવસે આતંકવાદી ઘટના, ધરતીકંપ ઘટના, યુદ્ધની ઘટના થતી જોવા મળી શકે છે.

૧૩માર્ચના દિવસે રાહુ અને મંગળ બંને ૧૪ ડિગ્રી પર રહેશે. ૧૩માર્ચનીઆસપાસના દિવસો પણ ઘણા ખરાબ રહેશે. ત્યારબાદ ૧૫માર્ચે સૂર્ય-શનિ-નેપ્ચ્યુનની યુતિ જોવા મળશે. આ દિવસની આસપાસ કોઈ જગ્યા ઉપર પાણીથી ભારે નુકસાન થતું જોવા મળશે. ૩એપ્રિલથી શનિ-મંગળ-નેપ્ચ્યુન આ ચાર ગ્રહોની યુતિ પાણીની તબાહી તથા મુસ્લિમ દેશોમાં અફરાતફરી થતી જોવા મળશે. ૨ એપ્રિલ થી ૧૧ મે ૨૦૨૬ દરમિયાન મંગળ-શનિ મીન રાશીમાંરહશે. શનિ પશ્ચિમ દિશાની સાથી જ્યારે મીન પૂર્વ દિશાની સાથી. આ ઉપરથી પૂર્વ યુરોપમાં ભયંકર યુદ્ધ થશે. તેમાં રશિયા તેનો ભાગ ભજવશે. આ સમય દરમિયાન પ્રાકૃતિક આફત તથા યુદ્ધ બંનેથી યુરોપમાં તબાહી થશે.

આમ આવનાર ત્રણ માસ વિશ્વમાં ગંભીર પરિસ્થિતિ ઊભી થશે. આ મારો અંક મળે તે પહેલા ઈરાન-અમેરિકા, ચીન, રશિયા વચ્ચે યુદ્ધ જોવા મળશે. ભારત પડોશી દેશ ઉપર ફરીથી એટેક કરશે. ટ્રંપ હવે ફરીથી નાના દેશોના નેતા પકડશે. તેમાં ક્યુબા, મેક્સિકો, પનામા એવા ઘણા દેશ ઉપર પકડ મેળવવા ખોટા કામ કરશે. આવનાર ત્રણ મહિના ઘણા નેતા, આર્મી, આમ જનતાને ઘણું નુકસાન થશે.

**Yoggi Astrology**ની મુલાકત લઈ તમારી જીવનની સમસ્યાના નિરાકરણ માટે જરૂરથી મળશો. મારો સંપર્ક ફોન નં. +૧-૬૪૭-૨૮૬-૩૭૪ તથા **www.yogiastrology.ca** ઉપર જશો. **Yoggi Astrology** યોગેશ ગાંધી : +૧-૬૪૭-૨૮૬-૩૭૪






## જો કોઈ વ્યક્તિ દારૂ પીતા પકડાશે બનાવેલા 'પાંજરા'માં પૂરવામાં આવશે

મહેસાણા, ગુજરાતમાં દારૂબંધીના કાયદાની અમલવારી વચ્ચે મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના પાંછા ગામે વ્યસનમુક્તિ માટે એક અત્યંત અનોખો અને કડક નિર્ણય લીધો છે. ગામને દારૂબંધી અને વ્યસનમુક્ત બનાવવા માટે ગ્રામજનોએ એકજુટ થઈને જાહેર કર્યું છે કે, જો કોઈ વ્યક્તિ દારૂ પીતા પકડાશે તો તેને પોલીસને સોંપતા પહેલા ગામમાં ખાસ બનાવેલા 'પાંજરા'માં પૂરવામાં આવશે.ગઈકાલે રાત્રે પાંછા ગામમાં સરપંચ અને ગામના વડીલોની હાજરીમાં એક વિશાળ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં ગામના યુવાનો અને વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ગામમાં દારૂના દૂષણને જડમૂળથી ઉખેડી ફેંકવા માટે સમસ્ત ગ્રામજનોએ વ્યસન મુક્તિના શપથ લીધા હતા. આ દરમિયાન ઠરાવ પસાર કરવામાં આવ્યો કે ગામમાં દારૂ પીનારા તત્વો માટે એક ખાસ પાંજરું બનાવવામાં આવશે. સામાન્ય રીતે દારૂ પીતા પકડાય ત્યારે પોલીસ કાર્યવાહી થતી હોય છે, પરંતુ પાંછા ગામના લોકોએ સામાજિક શિસ્ત જાળવવા આ નવો રસ્તો અપનાવ્યો છે. જે કોઈ પણ વ્યક્તિ દારૂ પીધેલી હાલતમાં પકડાશે, તેને જાહેરમાં પાંજરામાં પૂરી રાખવામાં આવશે જેથી તેની ફજેતી થાય અને બીજા લોકો પણ આવું કૃત્ય કરતા અટકે. આ સજા બાદ જ તેને પોલીસને સોંપવામાં આવશે. ગામના સરપંચ અને આગેવાનોએ ખાતરી આપી છે કે આ નિર્ણયની અમલવારી ખૂબ જ કડક રીતે કરવામાં આવશે.






Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

11-01-2026_02 Jan Fariyad_P-2